# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/234 Dt. 06/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'અન્ડરસ્ટેન્ડીંગ લેબર કોડ્સઃ અ પ્રેક્ટિકલ ગાઇડ ફોર ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એચ.આર.' વિષય પર અવેરનેસ સેશન યોજાયું

**સુરતઃ** ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા તા. ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચાર નવા લેબર કોડને લાગુ કરવામાં આવ્યા છે. આ અત્યંત જરૂરી વિષય પર ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝને સરળ ભાષામાં સમજણ હેતુ 'અન્ડરસ્ટેન્ડીંગ લેબર કોડ્સઃ અ પ્રેક્ટિકલ ગાઇડ ફોર ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એચ.આર.' વિષય પર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આ નવા લેબર કોડ્સની સમજણ અને તેનો અમલ ઉદ્યોગો માટે માત્ર કાયદાકીય પાલન પૂરતા નથી, પરંતુ વ્યવસ્થાપનમાં પારદર્શિતા, કર્મચારીઓની સુવિધા, સલામતી અને સુગમતા વધારવાનો એ મહત્વપૂર્ણ માર્ગ છે. ખાસ કરીને એચઆર, મેનેજમેન્ટ, ફેક્ટરી ઓનર્સ અને મેનેજર્સ માટે આ વિષયનો વ્યવહારૂ અભ્યાસ ખૂબ જ જરૂરી છે.

નવી દિલ્હીની લેબર લો ઇન્સ્ટીટયુટના પેનલ મેમ્બર અને લેબર લો એડવાઇઝર શ્રી સોહેલ સવાણીએ જણાવ્યું હતું કે, પી.એફ., ઇ.એસ.આઇ., ગ્રેજ્યુઇટી, મેટરનિટી, ઓવર ટાઇમ, નોટિસ પગાર, લીવ, બોનસ વિગેરે હવે નવી પગારની વ્યાખ્યા પ્રમાણે ગણવામાં આવશે. ૨૦થી વધુ કર્મચારી ધરાવતી સંસ્થાઓએ ગ્રીવન્સ

રિડ્રેસલ કમિટીની રચના કરવાની રહેશે. હકક રજાની ગણતરી ૧૮૦ દિવસની નોકરી પૂર્ણ કર્યાથી દરેક ૨૦ દિવસની નોકરી ઉપર એક દિવસ આપવાનો રહેશે.

તેમણે જણાવ્યું હતું કે, ૪૦ વર્ષથી વધુ વયના કર્મચારીઓની વાર્ષિક મેડિકલ તપાસ ફરજિયાત કરવામાં આવી છે. હાલમાં ઇ.એસ.આઇ./પી.એફ.માં દેશમાં આશરે ૮ કરોડ કર્મચારીઓ રજિસ્ટર્ડ છે, જે આવનારા સમયમાં સોશિયલ સિકયુરિટી કોડમાં ૫૦ કરોડ સુધી આવરી લેવામાં આવશે. હાલમાં કેન્દ્ર સરકાર ચારેય કોડના સેન્ટ્રલ રૂલ્સ બહાર પાડશે, જેને ફાઇનલ થવામાં આશરે ૨–૩ મહિના લાગશે. જે પછી રાજ્ય સરકાર પોતાના નિયમો બનાવી લાગુ કરશે. આ ચારેય લેબર કોડ એપ્રિલ– ૨૦૨૬ થી લાગુ થઇ શકે છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સ સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના એચ.આર. એકઝીકયુટીવ શ્રી અભિરાજ અટોદરિયાએ વકતાનો પરિચય આપ્યો હતો. નિષ્ણાંત વકતાએ ઉપસ્થિતોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા. ચેમ્બરના આસિસ્ટન્ટ મેનેજર – એચ.આર. શ્રી ગુણવંત હિરેએ ઉપસ્થિત સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.